# ડીસીએમ શ્રીરામ લિમિટેડ દ્વારા સ્કીલિંગ ઇન્ડિયાને સમર્થન રૂપે સેવા રુરલને મશીન સહાય



ડીસીએમ શ્રીરામ લિમિટેડના ઝગડીયા સ્થિત શ્રીરામ આલ્કલી એન્ડ કેમિકલ્સ દ્વારા સીએસઆર પહેલ અંતર્ગત ગ્રામ્ય સમુદાયના સર્વાંગી વિકાસમાટે વિવિધ વિકાસ કાર્યો જેમ કે આરોગ્ય અને સુખાકારી, શિક્ષણ વિકાસ, પર્યાવરણ સંરક્ષણ અને રોજગારી વી. છેલ્લા ૨૩ વર્ષથી હાથ ધરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત કંપની દ્વારા ગ્રામ્ય યુવાનો અત્યાધુનિક તકનિકીનો અભ્યાસ કરી શકે અને રોજગારી સુનિશ્ચિત કરી શકે તે હેતુથી સેવા રૂરલ દ્વારા સંચાલિત વિવેકાનંદ ગ્રામીણ તકનીકી કેન્દ્રને અત્યાધુનિક કાસ્કેડ કંટ્રોલ ટ્રેનર આપવામાં આવ્યું. આ મશીન દ્વારા સંસ્થા દ્વારા ઓટોમેશન ક્ષેત્રે નવો અભ્યાસક્રમ શરુ કરી શકાશે.

આ પ્રસંગે ડીસીએમ શ્રીરામ લિમિટેડ, ઝગડિયાના વાઇસ પ્રેસિડેન્ટ અને વર્કસ હેડ શ્રી વિનય મેહતા દ્વારા આદિવાસી વિદ્યાર્થીઓને તકનીકી તાલીમ દ્વારા રોજગારી મેળવી પરિવારની સુખાકારી વધારવા ઉપર માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ કંપનીના સીએસઆર હેડ કનુપ્રિયા સાયગલ દ્વારા વિદ્યાર્થીઓને ઉદ્યોગસાહસિક બની અન્યોને માટે રોજગારીની તકો ઉભી કરી પોતાના તેમજ દેશના આર્થિક વિકાસમાં સહભાગી થવા ઉપર ભાર મુકવામાં આવ્યો. સેવા રૂરલ ના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી બંકીમભાઇ શેઠ દ્વારા ડીસીએમ શ્રીરામ લિમિટેડનો સહકાર બદ્દલ આભાર માનવા સહ મશીનના ડિઝાઇનર શ્રી રાજેન્દ્રભાઇ નાયક નો પણ આભાર માનવામાં આવ્યો.